૭૧

રાજ્યના બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓની સઘન આધાર જરૂરિયાત (High support needs) અંગેની અરજી પરત્વે કાર્યવાહી કરવા સત્તાધિકારી (authority) જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૯/૧૭૧૦૬૨/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૪/૦૩/૨૦૨૧.

વંચાણે લીધા:(૧) The Rights of Persons with Disabilities Act, 2016.

(૨) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારનું તા.૦૮/૦૩/૨૦૧૯નું નોટિફિકેશન.

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૮/૦૬/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક : હસપ-૧૦૨૦૦૨-જીઓઆઇ-૩૬-અ(ભાગ-૨)

આમુખ :-

ભારત સરકારે અમલી કરેલ The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ નં.૩૮ અંતર્ગત સઘન આધારની જરૂરિયાતવાળી અશક્ત વ્યક્તિઓ માટે ખાસ જોગવાઇઓ કરેલ છે. આ કાયદાના અનુસંધાને ભારત સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક(૨)ના નોટિફિકેશનથી બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓની સઘન આધાર જરૂરિયાત અંગેની અરજી સ્વીકારવા માટે ઓથોરિટી જાહેર કરવા તથા અરજીની ચકાસણી માટે એસેસમેન્ટ બોર્ડની રચના કરવા અંગેના નિયમો બનાવેલ છે.

The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ નં.૩૮ (૨) તથા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક(૨)ના ભારત સરકારના નોટિફિકેશનથી નિયત કરેલ જોગવાઇ મુજબ ગુજરાત રાજ્યમાં બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ માટે સઘન આધારની જરૂરિયાત (High support needs)ના એસેસમેન્ટ અને પ્રમાણપત્ર આપવા માટે જીલ્લા કક્ષાએ એસેસમેન્ટ બોર્ડની રચના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક(૩)ના ઠરાવથી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૧) તથા ક્રમાંક(૨)ની જોગવાઇ મુજબ સઘન આધારની જરૂરિયાતવાળી અશક્ત વ્યક્તિઓ માટે રાજ્ય સરકાર/ભારત સરકારની યોજના અંતર્ગત સહાય આપવા માટે તેમની અરજીઓ ધ્યાને લેવા ઓથોરિટી જાહેર કરવાની કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ નં.૩૮ (૧), કલમ નં.૩૮ (૪) તથા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના ભારત સરકારના નોટિફિકેશનના નિયમોને ધ્યાને લઇ રાજ્યમાં બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓની સઘન આધાર જરૂરિયાત (High support needs) અંગેની અરજી પરત્વે કાર્યવાહી કરવા નીચે મુજબ સત્તાધિકારી (authority) જાહેર કરવામાં આવે છે.

| હોદ્દો | સરનામું |
|---|---|
| અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ. | બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. |

બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓની સઘન આધાર જરૂરિયાત (High support needs) અંગેની અરજીની શરતો તથા અરજી પરત્વે ઓથોરિટી દ્વારા કરવાની થતી કાર્યવાહી અંગે,

1) ઉપર જાહેર કરેલ ઓથોરિટી દ્વારા રાજ્યના બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓની સઘન આધાર જરૂરિયાત (High support needs) અંગેની અરજી સ્વીકારવામાં આવશે તથા ઉક્ત તમામ અરજીની ચકાસણી માટે જે તે જિલ્લાના એસેસમેન્ટ બોર્ડને મોકલવામાં આવશે.
2) એસેસમેન્ટ બોર્ડ દ્વારા મોકલવામાં આવેલ અહેવાલ(report)ને ધ્યાને લઇ, સંબધિત યોજનાઓ/કાર્યક્રમ મુજબ બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને સઘન આધાર પૂરો પાડવા માટે જરૂરી સહાય આપવા માટે, ઉપર જાહેર કરેલ ઓથોરિટી દ્વારા રાજ્ય સરકાર/ભારત સરકારને ભલામણ કરવામાં આવશે.
3) બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ કે જેમની પાસે કાયમી દિવ્યાંગતા અંગેનું સર્ટીફિકેટ છે તેમના દ્વારા કરવામાં આવતી અરજીને જ સઘન આધાર જરૂરિયાત (High support needs) અંગેની અરજી અંતર્ગત માન્ય ગણવામાં આવશે.
4) એસેસમેન્ટ બોર્ડ દ્વારા બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને ૧૦૦ માંથી ૬૦ કે તેથી વધુનો સ્કોર આપવામાં આવેલ હોય તો તેવા દિવ્યાંગોની ભલામણ એસેસમેન્ટ બોર્ડ સઘન આધાર જરૂરિયાત (High support needs) માટે ઉપર જાહેર કરેલ ઓથોરિટીને મોકલી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી તરફ જાણ સારૂ.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, બ્લોક નં.૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સચિવાલયના સર્વે વિભાગો
- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧.